(50) વંદામાં માલ્પિઘીયનનલિકાઓની સંખ્યા કેટલી હોય છે ?

(A) 80 (B) 125 (C) 140 (D) 150

(51) વંદામાં માલ્પિઘીયનનલિકા શાનો એકમ છે ?

(A) ઉત્સર્જન (B) પાચન (C) શ્વસન (D) પ્રજનન

(52) વંદામાં મળાશય મળદ્વાર વડે _x_ ઉપરિકવચની હેઠળના ભાગે બહાર ખૂલે છે.

(A) x = નવમુ (B) x = આઠમુ (C) x = દસમુ (D) સાતમુ

(53) વંદામાં મળાશય પશ્ચ છેડે _x_ અને અંદરના ભાગે _y_ હોય છે.

(A) x = ગડીમય, y = કોઠળીમય (B) x = સ્રાવ, y = ગડીમય

(C) x = કોથળીમય, y = ગડીમય (D) x = કોથળીમય, y = પ્રવર્ધમય

(54) સ્ટાર્ચ $\xrightarrow{x}$ શર્કરાઓ.

(A) x = એમાઈલેઝ (B) લાઈપેઝ (C) સુક્રેઝ (D) પ્રોટીઓલાયટિક

(55) _x_ ઉત્સેચકો પ્રોટીનના ઘટકોનું _y_ માં રૂપાંતરણ કરે છે.

(A) x = લાયપેઝ, y = ફેટીઍસિડ (B) x = પ્રોટીઓલાટીક, y = એમિનોઍસિડ

(C) x = એમાઈલેઝ, y = એમિનોઍસિડ (D) x = પ્રોટીઓલાયટિક, y = ફેટીઍસિડ

(56) વંદામાં પાચનક્રિયામાં લાઈપેઝ ઉત્સેચક લિપિડ પદાર્થોને શેમાં ફેરવે છે ?

(A) એમિનોઍસિડ (B) શર્કરાઓ (C) ફેટીઍસિડ અને ગ્લિસરોલ (D) આપેલ તમામ

| જવાબો : **(46-C), (47-A), (48-B), (49-D), (50-D), (51-A), (52-C), (53-C), (54-A), (55-B), (56-C)** |
|---|

## વંદાનું રુધિરાભિસરણતંત્ર અને શ્વસનતંત્ર

### વંદાનું રુધિરાભિસરણ તંત્ર :

- વંદાનું રુધિરાભિસરણતંત્ર ખુલ્લા પ્રકારનું છે. એટલે રુધિર પરિવહન દરમિયાન માત્ર વાહિનીઓમાંથી પસાર થવાને બદલે શરીરગુહામાં પ્રવેશે છે.
- શરીરગુહા એ રુધિરગુહા તરીકે વર્તે છે. જેથી શરીરના અવયવો અને પેશીઓ રુધિર સાથે સીધો સંપર્ક ધરાવે છે.
- રુધિર મુખ્યત્વે રુધિરરસ અને અનિશ્ચિત આકારના કોષોનું બનેલું છે.
- હૃદય 13 ખંડોનું બનેલું છે. પહેલા ત્રણ ખંડો ઉરસપ્રદેશ અને બાકીના ઉદરપ્રદેશમાં આવેલા છે.
- હૃદયનો આગળનો છેડો સહેજ સાંકડો છે. પાછળનો છેડો પહોળો છે ત્યાં વાલ્વયુક્ત બે મુખિકાનો (Ostia) આવેલી છે.
- રુધિરના કોષો બે પ્રકારના છે.
- નાના કદના પ્રશ્વેતકોષો અને મોટા કદના ભક્ષકકોષો રુધિરમહાકોટરમાંથી હૃદયમાં મુખિકા દ્વારા દાખલ થાય છે અને રુધિરનું દબાણ સાથે વહન થતાં અગ્રભાગે ફરી પાછું મહાકોટરમાં જાય છે.

### વંદાનું શ્વસનતંત્ર :

- શ્વસનતંત્ર શ્વાસનળી કહેવાતી શાખા પ્રબંધિત નલિકાઓ શ્વસનતંત્રનાં મુખ્ય ઘટકો છે.
- શ્વાસનળીની અનેક શાખાઓ દ્વારા તેઓ શરીરમાં સર્વત્ર પ્રસરેલી છે. તેની અંતિમ શાખાઓને સૂક્ષ્મશ્વાસનલિકા કહે છે. તે શરીરના બધા જ ભાગોમાં $O_2$નું વહન કરે છે.
- શ્વાસનળીઓ શ્વસનછિદ્રો કહેવાતાં છિદ્રો દ્વારા પરિઆવરણની હવા સાથે સીધો સંપર્ક ધરાવે છે.
- શ્વસનછિદ્રોની દસ જોડ આવેલી છે. તે પૈકી બે જોડ ઉરસપ્રદેશમાં અને આઠ જોડ ઉદરપ્રદેશમાં આવેલી છે.
- શ્વસનછિદ્રની દીવાલ દઢલોમથી સર્જાયેલી છે. દઢલોમો ગળણી તરીકે કાર્ય કરી પાણી, કચરા જેવા પદાર્થોને શ્વસનતંત્રમાં પ્રવેશતા અટકાવે છે.

- શ્વસનક્રિયા દરમિયાન શ્વસનછિદ્રો દ્વારા ઑક્સિજન શ્વાસનળીઓમાં પ્રવેશે છે અને ત્યાંથી સૂક્ષ્મવાહિકા દ્વારા પેશીજળના સંપર્કમાં આવી તેમાં દ્રાવ્ય થાય છે.
- આ દ્રાવ્ય $O_2$ નો ઉપયોગ શરીરની પેશીઓ કાર્યશક્તિ મેળવવા કરે છે. તે દરમિયાન ઉદ્‌ભવેલો $O_2$ સામાન્યપણે પેશીજળમાં દ્રાવ્ય બને છે. તે ઉચ્છ્‌વાસ દરમિયાન બહાર નીકળે છે.

---

(57) વંદાનું રુધિર મુખ્યત્વે ............. અને ............ નું બનેલું છે.

(A) રુધિરરસ અને રક્તકણ (B) રુધિરરસ અને હિમોગ્લોબિન

(C) રુધિરરસ અને અનિશ્ચિત આકારના કોષો (D) રુધિરરસ અને નિશ્ચિત આકારના કોષો

(58) વંદાનાં હૃદયના પહેલા <u>x</u> ખંડો ઉરસપ્રદેશમાં અને બાકીના <u>y</u> ખંડો ઉદરપ્રદેશમાં આવેલા છે.

(A) x = દસ, y = ત્રણ (B) x = ત્રણ, y = દસ (C) x = સાત, y = છ (D) x = ચાર, y = નવ

(59) વંદાના પરિવહન તંત્ર વિશે સત્ય વિધાન કયું છે ?

(A) તેમાં બંધ પ્રકારનું પરિવહન તંત્ર હોય છે.

(B) તેમાં જટિલ પ્રકારનું પરિવહન તંત્ર હોય છે.

(C) તેમાં હૃદય 13 ખંડોનું બનેલ છે અને દરેક ખંડમાં બે મુખિકાઓ આવેલી છે.

(D) રુધિરનું પરિવહન પેશીઓ મદદ વગર થાય છે.

(60) વંદામાં શ્વસનનલિકાની અંતિમ શાખાને શું કહે છે ?

(A) સૂક્ષ્મ શ્વાસ વાહિકા (B) સૂક્ષ્મ શ્વાસનલિકા (C) સૂક્ષ્મ શ્વાસનળી (D) સૂક્ષ્મ શ્વાસકોટર

(61) વંદામાં શ્વસનછિદ્રોની સંખ્યા ............ હોય છે.

(A) 2 ઉરસમાં અને 8 ઉદરમાં (B) 3 ઉરસમાં અને 7 ઉદરમાં

(C) 4 ઉરસમાં અને 6 ઉદરમાં (D) 5 ઉરસમાં અને 5 ઉદરમાં

(62) વંદાના શ્વસનછિદ્રોની દીવાલ શેમાંથી નિર્માણ પામેલી છે ?

(A) દૃઢલોમથી (B) માસ્ટ કોષો (C) તંતુઘટક પેશી (D) ગ્રંથિમય કોષો

**જવાબો : (57-C), (58-B), (59-C), (60-B), (61-A), (62-A)**

**વંદામાં ઉત્સર્જન, ઉત્સર્ગક્રિયા અને ચેતાતંત્ર**

**વંદામાં ઉત્સર્જન અને ઉત્સર્ગક્રિયા :**

- મધ્યાંત્ર અને પશ્ચાંત્રના જોડાણ આગળ પીળાશપડતા રંગની લગભગ 150 જેટલી લાંબી, પાતળી પોલી માલ્પિઘીયનનલિકાઓ મુખ્ય ઉત્સર્ગ ઘટકો છે.
- તે નાઈટ્રોજનયુક્ત ઉત્સર્ગદ્રવ્યોનું શોષણ કરી તેને યુરિક ઍસિડમાં રૂપાંતરિત કરે છે, જેનો નિકાલ પશ્ચાંત્ર દ્વારા થાય છે. માટે તેને યુરિક ઍસિડ ત્યાગી પ્રાણી કહે છે.
- પશ્ચાંત્રમાં આવતા ઉત્સર્ગ પદાર્થમાં પાણીનું પ્રમાણ વધુ હોવાથી તેનું શોષણ પશ્ચાંત્ર દીવાલમાં થાય છે.

**વંદાનું ચેતાતંત્ર :**

- ચેતાતંત્ર ચેતાકંદો, ચેતાસૂત્રો અને ચેતાઓનું બનેલું છે.
- ઉપરિઅન્નાલીય ચેતાકંદો ત્રણ ચેતાકંદોની વિલીનીકરણથી બને છે જેને મગજ કહે છે, જે અન્નનળીની ઉપર આવેલ છે.
- ઉપરિઅન્નલીય ચેતાકંદો અન્નનળીની નીચે આવેલ અધોઅન્નાલીય ચેતાકંદ સાથે પરિઅન્નાલીયયોજી દ્વારા જોડાયેલા છે.

- ચેતાતંત્રનો આ ભાગ ચેતાકડીની રચના કરે છે. અધોઅન્નલીય ચેતાકંદો મુખાંગોનું ચેતાકરણ કરે છે.
- ઉરસપ્રદેશમાં 3 ચેતાકંદો અને ઉદરમાં 6 ચેતાકંદો આવેલા છે. આમ, વંદામાં ચેતાતંત્ર આખા શરીરમાં ફેલાયેલ હોય છે.
- વંદાના સંવેદી અંગોમાં સ્પર્શકો, આંખ, જમ્ભમૃશો, વક્ષજમ્ભમૃશો, પુચ્છશૂળો વગેરે આવેલા છે.
- **મોઝેક પ્રતિબિંબ :** શીર્ષની પૃષ્ઠબાજુએ સંયુક્ત આંખો આવેલી છે. આંખ લગભ 2000 જેટલી ષટ્કોણાકાર નેત્રિકાની બનેલ છે. ઘણી નેત્રિકાની મદદથી વંદો પદાર્થના ઘણા પ્રતિબિંબ મેળવે છે. આ પ્રકારની દષ્ટિને મોઝેક પ્રતિબિંબ કહે છે.

---

(63) ..............એ માલ્પિઘીયનનલિકાઓ છે.

(A) કીટકનાં ઉત્સર્ગ અંગો (B) દેડકાનાં ઉત્સર્ગ અંગો

(C) અળસિયાનાં ઉત્સર્ગ અંગો (D) કીટકનાં શ્વસતાંગો

(64) વંદો ઉત્સર્ગદ્રવ્ય તરીકે શેનો નિકાલ કરે છે ?

(A) યુરિયા (B) યુરિક ઍસિડ (C) એમોનિયા (D) એમિનોઍસિડ

(65) વંદામાં ઉપરિઅન્નલીય ચેતાકંદ કેટલા ચેતાકંદોના વિલીનીકરણથી બને છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(66) વંદામાં ઉરસપ્રદેશમાં x ચેતાકંદો અને ઉદરમાં y ચેતાકંદો આવેલા છે.

(A) x = બે, y = આઠ (B) x = ત્રણ, y = પાંચ (C) x = ત્રણ, y = છ (D) x = બે, y = સાત

(67) વંદાની સંયુક્ત આંખોમાં કેટલી નેત્રિકાઓ હોય છે ?

(A) 20 (B) 2000 (C) 2200 (D) 200

(68) વંદામાં ધ્વનિસંવેદી અંગ કયું છે ?

(A) પુચ્છકંટિકા (B) સ્પર્શકો (C) સંયુક્ત આંખો (D) પુચ્છશૂળ

| જવાબો : **(63-A), (64-B), (65-C), (66-C), (67-B), (68-D)** |
|---|

**વંદાનું પ્રજનનતંત્ર :**

- વંદો એકસિંગી પ્રાણી છે. બંને પુખ્તલિંગી પ્રાણીમાં પૂર્ણ વિકસિત પ્રજનન અંગો આવેલાં છે.

**નરવંદાનું પ્રજનનતંત્ર:**

- **શુક્રપિંડ :** નર પ્રજનનતંત્રમાં એક જોડ શુક્રપિંડ ઉદરના 4 થી 6 ખંડોના પાર્શ્વ બાજુએ આવેલા છે.
- **શુક્રવાહિની :** દરેક શુક્રપિંડમાંથી પાતળી શુક્રવાહિની ઉદ્ભવે છે. તે સ્ખલનનલિકામાં ખૂલે છે.
- **સ્ખલનનલિકા :** સ્ખલનનલિકા નરજનનછિદ્રમાં ખૂલે છે. તેનું સ્થાન મળદ્વારની વક્ષબાજુએ આવેલ છે.
- **છત્રાકાર ગ્રંથિ :** ઉદરના 6 થી 7 ખંડમાં આવેલી છે. તેનું કાર્ય વધારાની પ્રજનન ગ્રંથિનું છે.
- **જનન દઢકો :** વંદાના ઉદરને છેડે આવેલા કાઈટિનના જનનદઢકો બાહ્યજનનાંગોની રચના કરે છે.
- **શુક્રકોથળી :** શુક્રકોષોનો સંગ્રહ શુક્રાશયમાં થાય છે. સમાગમ પહેલા બધા શુક્રકોષો ભેગા મળી શુક્રકોથળીની રચના કરે છે. તે સમાગમ દરમિયાન છૂટા પડે છે.

- **માદા વંદાનું પ્રજનનતંત્ર :**
  - **અંડપિંડો :** માદા પ્રજનનતંત્રમાં બે અંડપિંડો ઉદરના 2 થી 6 ખંડની પાર્શ્વ બાજુએ આવેલા છે.
  - **અંડપુટિકા :** પ્રત્યેક અંડપિંડ આઠ નલિકામય અંડપુટિકાઓનો બનેલો છે. તે શ્રેણીબદ્ધ વિકસિત અંડકોષ ધરાવે છે.
  - **અંડવાહિની અથવા યોનિમાર્ગ :** બંને બાજુની અંડવાહિનીઓ મધ્યમાં એકબીજા સાથે જોડાઈને સામાન્ય અંડવાહિની અથવા યોનિમાર્ગ બનાવે છે, જે જનનકોથળીમાં ખૂલે છે.

- **જનન કોથળી :** મૈથુનક્રિયા દરમિયાન અંડકોષો જનનકોથળીમાં આવે છે. ત્યાં શુક્રકોષો તેમને ફલિત કરે છે.
- **અંડઘર :** ફલિત અંડકોષોની ફરતે અંડઘર બને છે. તે ઘેરા બદામી રંગના છે. દરેક અંડઘરમાં 14 થી 16 ઈંડાં હોય છે.
- વંદાનો વિકાસ કીટશિશુ દ્વારા થાય છે. તે મુખ્ય પ્રાણી જેવું દેખાય છે.
- કીટશિશુ 6 થી 7 વખત નિર્મોચન કરી પુખ્ત પ્રાણીમાં રૂપાંતરણ કરે છે.

---

(69) નરવંદામાં શુક્રપિંડોનું સ્થાન જણાવો.

(A) ઉદરના 5 થી 6 ખંડોની પાર્શ્વબાજુએ (B) ઉદરના 4 થી 6 ખંડોની પાર્શ્વબાજુએ

(C) ઉદરના 5 થી 6 ખંડોની પૃષ્ઠબાજુએ (D) ઉદરના 4 થી 8 ખંડોની પૃષ્ઠબાજુએ

(70) વંદામાં છત્રાકાર ગ્રંથિ ઉદરના કયા ખંડમાં આવેલ છે ?

(A) 6 થી 7 (B) 4 થી 6 (C) 5 થી 7 (D) 4 થી 8

(71) માદા વંદામાં અંડપિંડનું સ્થાન જણાવો.

(A) ઉદરના 2 થી 7 ખંડોની પાર્શ્વબાજુએ (B) ઉદરના 3 થી 7 ખંડોની પાર્શ્વબાજુએ

(C) ઉદરના 2 થી 6 ખંડોની પાર્શ્વબાજુએ (D) ઉદરના 2 થી 4 ખંડોની પાર્શ્વબાજુએ

(72) માદા વંદામાં પ્રત્યેક અંડપિંડ શેના બનેલા હોય છે ?

(A) 4 નલિકામય અંડપુટિકાઓનો (B) 6 નલિકામય અંડપુટિકાઓનો

(C) 7 નલિકામય અંડપુટિકાઓનો (D) 4 નલિકામય અંડપુટિકાઓનો

**જવાબો : (69-B), (70-A), (71-C), (72-D)**

- **True - Flase (T - F) પ્રકારના પ્રશ્નો**

નીચેનાં વાક્યોમાં ખરાં-ખોટાંનો કયો વિકલ્પ સાચો છે તે પસંદ કરો :

(73) (1) અળસિયું નૂપુરક સમુદાયનું દેહકોષ્ઠધારી પ્રાણી છે.

(2) અળસિયાનું વૈજ્ઞાનિક નામ ફેરિટિમા પોસ્થુમા છે.

(3) અળસિયું ભીનાશવાળી જમીનના નીચલા સ્તરમાં રહે છે.

(4) અળસિયું શરીરના ખંડોમાં (100 થી 120) વિભાજિત થયેલું છે.

(A) T, T, T, T (B) T, F, T, F (C) T, T, F, T (D) F, F, T, T

(74) (1) અળસિયામાં પ્રથમ ખંડને પરિતુંડ કહે છે.

(2) પરિપક્વ અળસિયામાં 14 થી 16 ખંડને વલયિકા પ્રદેશ કહે છે.

(3) અળસિયામાં 18મા ખંડની મધ્યવક્ષરેખાએ એક જ માદા જનનછિદ્ર આવેલું છે.

(4) અળસિયામાં 18મા ખંડમાં મધ્યવક્ષરેખાએ એક જોડ નરજનનછિદ્ર આવેલ છે.

(A) T, F, T, F (B) T, T, F, F (C) T, T, F, T (D) T, F, F, T

(75) (1) અળસિયામાં ખુલ્લું રુધિરાભિસરણતંત્ર જોવા મળે છે.

(2) અળસિયામાં નાની રુધિરવાહિનીઓ શરીરદીવાલ, ચેતારજ્જુ અને આંત્રને રુધિર પહોંચાડે છે.

(3) અળસિયામાં 4, 5 અને 6 ખંડમાં રુધિરગ્રંથિઓ આવેલી છે.

(4) અળસિયામાં Hb એ રુધિરરસમાં દ્રાવ્ય છે.

(A) T, T, F, F (B) T, F, T, F (C) F, T, T, F (D) F, T, T, T

(76) (1) અળસિયામાં ચોક્કસ પ્રકારનાં શ્વસનાંગો હોય છે.

(2) અળસિયામાં વાયુવિનિમય શ્વસનછિદ્રો દ્વારા થાય છે.

(3) અળસિયામાં ચેતાકંદની એક જોડ વક્ષબાજુએ ત્રીજા ખંડના પશ્ચ ભાગમાં આવેલી છે. તેને અધોકંઠનાલીય ચેતાકંદ કહે છે.

(4) અળસિયાંમાં સંવેદક આંખ જેવા અવયવ આવેલા નથી.

(A) T, T, F, F (B) F, F, T, T (C) T, F, T, F (D) F, F, F, T

(77) (1) અળસિયું ઊભયલિંગી પ્રાણી છે.

(2) અળસિયામાં બે જોડ શુક્રપિંડ અનુક્રમે 10મા અને 11મા ખંડમાં આવેલા છે.

(3) અળસિયાનો ઉપયોગ માછલી પકડવાના ગલમાં લક્ષ્ય ભેરવવામાં થાય છે.

(4) અળસિયામાં ત્રણ અઠવાડિયાં બાદ અંડઘરમાં બાળ અળસિયા બહાર આવે છે.

(A) T, T, T, T (B) T, F, T, F (C) F, T, F, T (D) F, F, T, T

(78) (1) વંદાની લંબાઈ 25 મિમીથી 45 મિમી અને પહોળાઈ 8 મિમીથી 12 મિમી છે.

(2) વંદાનું શીર્ષ 4 ખંડો ભળીને બને છે.

(3) મુખાંગોનું કાર્ય ખોરાક પકડવાનું અને ચાવવાનું છે.

(4) વંદામાં શીર્ષના અગ્ર છેડે મુખ આવેલ છે.

(A) T, T, F, T (B) T, T, F, F (C) F, F, T, T (D) T, F, T, T

(79) (1) વંદામાં ચલનપાદના પ્રથમ ખંડને કક્ષ કહે છે.

(2) વંદામાં ચલનપાદના ત્રીજા ખંડને અર્બુદ કહે છે.

(3) વંદામાં ચલનપાદના ચોથા ખંડને અંતર્જંઘ કહે છે.

(4) વંદામાં ચલનપાદના પાંચમા ખંડને કીટગુલ્ફ કહે છે.

(A) T, F, T, T (B) T, T, F, F (C) T, T, T, F (D) F, T, T, F

(80) (1) વંદામાં પુચ્છશૂળ એ ધ્વનિગ્રાહી અંગ છે.

(2) વંદામાં ઉદર 10 ખંડોનું બનેલું હોય છે.

(3) વંદામાં અન્નમાર્ગ ત્રણ ભાગમાં વહેંચાયેલો છે.

(4) વંદામાં મધ્યાંત્ર અને પશ્ચાંત્રનાં જોડાણસ્થાને લગભગ 150 જેટલી માલ્પિઘીયનનલિકાઓ ખૂલે છે.

(A) T, F, T, F (B) T, T, F, F (C) T, T, T, T (D) F, F, F, T

(81) (1) વંદામાં એમાઈલેઝ દ્વારા સ્ટાર્ચમાંથી શર્કરાઓ મળે છે.

(2) પ્રોટીનના ઘટકો $\xrightarrow{\text{પ્રોટિઓલાયટીક}}$ એમિનોઍસિડોમાં રૂપાંતરણ

(3) લિપિડના ઘટકો $\xrightarrow{\text{લાઈપેઝ}}$ ફેટીઍસિડ અને ગ્લિસરોલ

(4) વંદામાં લાળમાં રહેલું શ્લેષ્મ ખોરાકને ગરમ કરે છે.

(A) T, T, F, F (B) T, T, T, F (C) F, F, T, T (D) T, F, T, F

(82) (1) વંદામાં શરીરગુહા એ રુધિરગુહા તરીકે વર્તે છે.

(2) વંદામાં હૃદય 13 ખંડોનું બનેલું છે.

(3) વંદામાં માલ્પિઘીયનનલિકાઓની સંખ્યા 100 હોય છે.

(4) વંદામાં શ્વસનછિદ્રોની દસ જોડ હોય છે.

(A) T, T, F, F (B) T, F, T, F (C) T, T, F, T (D) T, F, F, T

(83) (1) વંદાની આંખ લગભગ 2000 નેત્રિકાની બનેલ છે.

(2) નરવંદામાં છત્રાકારગ્રંથિ ઉદરના 6 થી 7 ખંડમાં આવેલી છે.

(3) વંદામાં દરેક અંડઘરમાં 14 થી 16 ઈંડાં હોય છે.

(4) વંદામાં કીટશિશુ 4 થી 5 વખત નિર્મોચન કરી પુખ્ત પ્રાણીમાં રૂપાંતરણ કરે છે.

(A) T, F, F, T (B) F, T, T, F (C) F, F, T, T (D) T, T, T, F

(84) (1) વંદામાં પેષણીમાં કાઇટિનના બનેલા છ દાંત અને મધ્યાંત્ર સાથે આઠ નલિકામય અધાંત્રો જોડાયેલ છે.

(2) વંદામાં હૃદય 13 ખંડોનું બનેલું છે.

(3) વંદામાં દસ જોડ શ્વસનછિદ્રો અને 150 માલ્પિઘીયનનલિકાઓ આવેલી હોય છે.

(4) વંદો યુરિક ઍસિડ ત્યાગી પ્રાણી છે.

(A) T, F, T, T (B) T, T, F, T (C) T, T, T, T (D) F, T, T, T

**જવાબો : (73-C), (74-B), (75-D), (76-B), (77-A), (78-D), (79-A), (80-C), (81-B), (82-C), (83-D), (84-C)**

- **A - વિધાન, R - કારણવાળા પ્રશ્નો**

નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપેલ વિકલ્પમાંથી પસંદ કરવા :

(A) A અને R બંને સાચાં છે. R અને A ની સમજૂતી આપે છે.

(B) A અને R બંને સાચાં છે. પરંતુ R એ A ની સમજૂતી નથી.

(C) A - સાચું, R - ખોટું છે.

(D) A - ખોટું, R - સાચું છે.

(85) વિધાન A : અળસિયાનું શરીર નળાકાર, સહેજ લાંબું અને પાતળું હોય છે.

કારણ R : અળસિયાનું શરીર નાના ખંડોમાં વિભાજિત જે 100 થી 120 જેટલી સંખ્યા ધરાવે છે.

(A) (B) (C) (D)

(86) વિધાન A : અળસિયામાં પૃષ્ઠબાજુએ જનનછિદ્રો આવેલાં છે.

કારણ R : અળસિયામાં અગ્ર છેડે મુખ અને મુખાગ્ર હોય છે.

(A) (B) (C) (D)

(87) વિધાન A : અળસિયામાં 1 થી 13 ખંડ પૂર્વવલયિકા વિસ્તાર કહે છે.

કારણ R : અળસિયામાં 14 થી 16 ખંડમાં વલયિકા હોય છે.

(A) (B) (C) (D)

(88) વિધાન A : અળસિયામાં 14 મા ખંડની મધ્યવક્ષરેખા એ એક જ માદા જનનછિદ્ર આવેલું છે.

કારણ R : અળસિયામાં 18 મા ખંડમાં શુક્રસંગ્રહાશય છિદ્ર આવેલું હોય છે.

(A) (B) (C) (D)

(89) વિધાન A : અળસિયામાં પ્રથમ, છેલ્લા અને વલયિકા ખંડમાં ઉત્સર્ગિકા હોય છે.

કારણ R : અળસિયામાં વજકેશો કાઇટિનનાં બનેલા છે.

(A) (B) (C) (D)

(90) વિધાન A : અળસિયામાં ક્યુટિકલ એ અધિચર્મના સ્રાવથી બનેલું સ્તર છે.

કારણ R : અળસિયામાં અધિચર્મ એ લાંબા પાતળા આધારક કોષો, લંબગોળ ગ્રંથિકોષો હોય છે.

(A) (B) (C) (D)

(91) વિધાન A : અળસિયામાં મુખગુહા પછી માંસલ કંઠનળી ચોથા ખંડ સુધી વિસ્તરેલી છે.

કારણ R : અળસિયામાં સાંકડી અન્નનળી 5 થી 8 ખંડ સુધી લંબાયેલી છે.

(A) (B) (C) (D)

(92) વિધાન A : અળસિયામાં જઠર 9 થી 14 ખંડ સુધી વિસ્તરેલું છે.

કારણ R : જઠરમાં કેલ્સિફેરસ ગ્રંથિ આવેલી છે.

(A) (B) (C) (D)

(93) વિધાન A : અળસિયામાં બંધ પ્રકારનું રુધિરાભિસરણતંત્ર જોવા મળે છે.

કારણ R : અળસિયામાં રુધિરનું વહન હૃદય અને રુધિરવાહિનીમાં થાય છે.

(A) (B) (C) (D)

(94) વિધાન A : અળસિયામાં હિમોગ્લોબિન એ રક્તકણમાં દ્રાવ્ય થાય છે.

કારણ R : અળસિયામાં રુધિરકોષો ભક્ષકકોષો પ્રકારના છે.

(A) (B) (C) (D)

(95) વિધાન A : અળસિયામાં પાંચ પછીના દરેક ખંડમાં વક્ષ બાજુએ ચેતાકંદોની એક જોડ આવેલી છે. તે વક્ષચેતારજ્જુ તરીકે ઓળખાય છે.

કારણ R : અળસિયામાં ચેતાકંદની એક જોડ વક્ષબાજુએ ત્રીજા ખંડના પશ્ચ ભાગમાં આવેલી છે. તેને અધોકંઠનાલીય ચેતાકંદ કહે છે.

(A) (B) (C) (D)

(96) વિધાન A : અળસિયું ઊભયલિંગી પ્રાણી છે.

કારણ R : અળસિયાનો વિકાસ સીધો થાય છે, એટલે કે વિકાસ દરમિયાન ડિંભ બનતા નથી.

(A) (B) (C) (D)

(97) વિધાન A : અળસિયાં ખેડૂતમિત્ર તરીકે ઓળખાય છે.

કારણ R : તે માટીમાં દર બનાવે છે અને તેથી તે છિદ્રાળુ બનતાં વિકાસ પામતી વનસ્પતિને શ્વસન માટે પ્રાણવાયુ પૂરો પાડે છે.

(A) (B) (C) (D)

(98) વિધાન A : વંદામાં અપૂર્ણ પાચનમાર્ગ હોય છે.

કારણ R : વંદામાં શીર્ષના અગ્ર છેડે મુખદ્વાર આવેલાં છે.

(A) (B) (C) (D)

(99) વિધાન A : વંદો સર્વભક્ષી પ્રાણી છે.

કારણ R : વંદો પોતાના સ્પર્શકોની મદદથી ખોરાક શોધે છે.

(A) (B) (C) (D)

(100) વિધાન A : વંદાનાં મધ્યાંત્ર સાથે આઠ નલિકામય અધાંત્રો જોડાયેલા છે.

કારણ R : વંદામાં પેષણીનાં પોલાણમાં કાઈટિનના બનેલા 8 દાંત આવેલા છે.

(A) (B) (C) (D)

(101) વિધાન A : વંદાનું રુધિરાભિસરણ તંત્ર ખુલ્લા પ્રકારનું છે.

કારણ R : વંદાનું રુધિર પરિવહન માત્ર રુધિરવાહિનીમાં થાય છે.

(A) (B) (C) (D)

(102) વિધાન A : વંદાનું હૃદય 13 ખંડોનું બનેલું છે.
કારણ R : હૃદયના પહેલા ત્રણ ખંડો ઉરસ અને બાકીના 10 ખંડો ઉદરપ્રદેશમાં આવેલા છે.
(A) (B) (C) (D)

(103) વિધાન A : વંદામાં શ્વસનછિદ્રોની દસ જોડ આવેલી છે.
કારણ R : તે પૈકી ચાર જોડ ઉરસ અને 6 જોડ ઉદરપ્રદેશમાં હોય છે.
(A) (B) (C) (D)

(104) વિધાન A : વંદાને યુરિક ઍસિડત્યાગી પ્રાણી કહે છે.
કારણ R : વંદો નાઈટ્રોજનયુક્ત ઉત્સર્ગદ્રવ્યોનું શોષણ કરી તેને યુરિક ઍસિડમાં રૂપાંતરિત કરે છે.
(A) (B) (C) (D)

(105) વિધાન A : વંદામાં અધો અન્નનાલીય ચેતાકંદો મુખાંગોનું ચેતાકરણ કરે છે.
કારણ R : વંદામાં ચેતાતંત્ર આખા શરીરમાં ફેલાયેલ છે.
(A) (B) (C) (D)

(106) વિધાન A : વંદો ઊભયલિંગી પ્રાણી છે.
કારણ R : વંદાના નર પ્રજનનતંત્રમાં એક જોડ શુક્રપિંડ ઉદરના 4 થી 6 ખંડોના પાર્શ્વ બાજુએ આવેલા છે.
(A) (B) (C) (D)

(107) વિધાન A : અળસિયામાં વાયુવિનિમયની પ્રક્રિયા ભીનાશવાળી શરીરદીવાલ દ્વારા થાય છે.
કારણ R : અળસિયામાં ચોક્કસ પ્રકારનાં શ્વસનાંગોનો અભાવ હોય છે.
(A) (B) (C) (D)

**જવાબો : (85-B), (86-D), (87-A), (88-C), (89-D), (90-B), (91-C), (92-B), (93-A), (94-D), (95-B), (96-B), (97-A), (98-D), (99-B), (100-C), (101-C), (102-B), (103-C), (104-A), (105-B), (106-D), (107-A)**

(108) યોગ્ય જોડ પસંદ કરોઃ

| કૉલમ - I | કૉલમ - II |
|---|---|
| (a) પ્રથમ ખંડ | (i) એક જોડ નરજનનછિદ્ર |
| (b) 14મો ખંડ | (ii) માદા જનનછિદ્ર |
| (c) 18મો ખંડ | (iii) ગ્રંથિમય પેશીનો પટ્ટો વલયિકા |
| (d) 14 થી 16 ખંડ | (iv) પરિતુંડ |

(A) (a – iv), (b – ii), (c – i), (d – iii)
(B) (a – i), (b – iii), (c – ii), (d – iv)
(C) (a – ii), (b – i), (c – iii), (d – iv)
(D) (a – iv), (b – ii), (c – iii), (d – i)

(109) યોગ્ય જોડ પસંદ કરોઃ

| કૉલમ - I | કૉલમ - II |
|---|---|
| (a) વજ્રકેશો | (i) જે શ્લેષ્મ અને આલ્બ્યુમિનનો સ્રાવ કરે છે. |
| (b) ક્યુટિકલ | (ii) પ્રચલનમાં મદદરૂપ થાય છે. |
| (c) ઉત્સર્ગિકા છિદ્રો | (iii) અધિચર્મના સ્રાવથી બનેલું. |
| (d) અધિચર્મમાં લાંબા-પાતળા આધારક કોષો, લંબગોળ ગ્રંથિકોષો | (iv) પ્રથમ, છેલ્લા અને વલયિકા સિવાય દરેક ખંડમાં આવેલા છે. |

(A) (a – i), (b – ii), (c – iii), (d – iv)
(B) (a – iii), (b – i), (c – iv), (d – ii)
(C) (a – ii), (b – iii), (c – iv), (d – i)
(D) (a – ii), (b – iii), (c – i), (d – iv)

(110) અળસિયામાં પાચન માર્ગને અનુલક્ષીને યોગ્ય જોડ મેળવોઃ

| કૉલમ - I | કૉલમ - II |
|---|---|
| (a) કંઠનળી | (i) 8માં ખંડ |
| (b) નાની સાંકડી અન્નનળી | (ii) 9 થી 14 ખંડ |
| (c) પેષણી | (iii) 5 થી 7 ખંડ |
| (d) જઠર | (iv) 4થો ખંડ |

(A) (a – ii), (b – iii), (c – iv), (d – i)     (B) (a – iv), (b – iii), (c – i), (d – ii)

(C) (a – iv), (b – iii), (c – ii), (d – i)     (D) (a – i), (b – ii), (c – iii), (d – iv)

(111) યોગ્ય જોડ પસંદ કરોઃ

| કૉલમ - I | કૉલમ - II |
|---|---|
| (a) રુધિરગ્રંથિ | (i) 15 ખંડ પછી છેલ્લા ખંડ સુધી |
| (b) શુક્રસંગ્રહાશયો | (ii) ત્રીજા ખંડ પછીની શરીરદીવાલની અંદરની સપાટી પર |
| (c) વિટપીય ઉત્સર્ગિકાઓ | (iii) 6, 7, 8 અને 9 ખંડમાં |
| (d) ત્વચીય ઉત્સર્ગિકાઓ | (iv) 4, 5 અને 6 ખંડમાં |

(A) (a – iv), (b – iii), (c – i), (d – ii)     (B) (a – iv), (b – ii), (c – iii), (d – i)

(C) (a – i), (b – ii), (c – iii), (d – iv)     (D) (a – ii), (b – iii), (c – i), (d – iv)

(112) વંદામાં ચલનપાદને અનુલક્ષીને યોગ્ય જોડ મેળવોઃ

| કૉલમ - I | કૉલમ - II |
|---|---|
| (a) પ્રથમ ખંડ | (i) અર્બુદ |
| (b) બીજો ખંડ | (ii) કીટજંઘ |
| (c) ત્રીજો ખંડ | (iii) કક્ષ |
| (d) ચોથો ખંડ | (iv) અંતર્જંઘ |
| (e) પાંચમો ખંડ | (v) કીટગુલ્ફ |

(A) (a – ii), (b – i), (c – iv), (d – iii), (e – v)

(B) (a – iii), (b – i), (c – ii), (d – iv), (e – v)

(C) (a – iii), (b – i), (c – iv), (d – ii), (e – v)

(D) (a – v), (b – ii), (c – iii), (d – i), (e – iv)

(113) યોગ્ય જોડ પસંદ કરોઃ


| કૉલમ - I | કૉલમ - II |
|---|---|
| (a) શુક્રપિંડ | (i) 14 થી 16 ઈંડાં |
| (b) અંડપિંડ | (ii) ઉદરના 6 થી 7 ખંડોમાં |
| (c) છત્રાકાર ગ્રંથિ | (iii) ઉદરના 4 થી 6 ખંડોમાં |
| (d) અંડઘર | (iv) ઉદરના 2 થી 6 ખંડોમાં |

(A) (a – ii), (b – i), (c – iv), (d – iii)     (B) (a – ii), (b – i), (c – iii), (d – iv)

(C) (a – i), (b – ii), (c – iii), (d – iv)     (D) (a – iii), (b – iv), (c – ii), (d – i)

**જવાબો : (108-A), (109-C), (110-B), (111-A), (112-B), (113-D)**


(114) અહીં આપેલ આકૃતિમાં P અને Q નિર્દેશિત ભાગોનું નામ જણાવોઃ




(A) P - મુખ Q - પરિતુંડ (B) P - પરિતુંડ Q - મુખ

(C) P - મુખગુહા Q - પરિતુંડ (D) P - મુખગુહા Q મુખ

(115) આપેલ આકૃતિમાં P __________ અને Q ____________ છે.




(A) P - ક્યુટિકલ Q - આયામસ્નાયુ

(B) P - સીમાસ્તર Q - વર્તુળીસ્નાયુ

(C) P - ક્યુટિકલ Q - અધિચર્મ

(D) P - ક્યુટિકલ Q - સીમાસ્તર

(116) અધિચર્મના સ્રાવથી બનેલું સ્તર ઉપરની આકૃતિમાં જણાવો.

(A) P (B) Q (C) R (D) S

(117) આકૃતિમાં R, S અને T નિર્દેશિત ભાગોનું સાચું નામ જણાવો.


(A) R - વર્તુળીસ્નાયુ S - સીમાસ્તર T - ક્યુટિકલ

(B) R - વર્તુળીસ્નાયુ S - આયામસ્નાયુ T - સીમાસ્તર

(C) R - સીમાસ્તર S - આયામસ્નાયુ T - વર્તુળીસ્નાયુ

(D) R - ક્યુટિકલ S - વર્તુળીસ્નાયુ T - આયામસ્નાયુ

(118) આપેલ આકૃતિમાં a અને b નિર્દેશિત ભાગોનું સાચું નામ જણાવો.




(A) a - મુખ b - કંઠનળી

(C) a - મુખગુહા b - કંઠનળી

(B) a - મુખ b - મુખગુહા

(D) a - કંઠનળી b - અન્નનળી

(119) આપેલ આકૃતિમાં c અને d નિર્દેશિત ભાગોનું સાચું નામ જણાવો.

(A) c - અન્નનળી d - કંઠનળી

(C) c - મુખગુહા d - અન્નનળી

(B) c - મુખ d - કંઠનળી

(D) c - કંઠનળી d - અન્નનળી

(120) આપેલ આકૃતિમાં e, f અને g નિર્દેશિત ભાગોનું સાચું નામ જણાવો.

(A) e - જઠર f - પેષણી g - પૂર્વ ભિત્તિભંજપ્રદેશ

(B) e - પેષણી f - જઠર g - પશ્ચ ભિત્તિભંજપ્રદેશ

(C) e - પેષણી f - જઠર g - પૂર્વ ભિત્તિભંજપ્રદેશ

(D) e - જઠર f - પેષણી g - પશ્ચ ભિત્તિભંજપ્રદેશ

(121) આપેલ આકૃતિમાં h અને i નિર્દેશિત ભાગોનું સાચું નામ જણાવો.

(A) h - ભિત્તિભંજ i - અધાંત્ર (B) h - અધાંત્ર i - ભિત્તિભંજ

(C) h - અધાંત્ર i - પાર્શ્વીય હૃદયો (D) h - ભિત્તિભંજ i - પાર્શ્વીય હૃદયો

(122) આકૃતિમાં નિર્દેશિત કયો ભાગ હ્યુમિક ઍસિડનું તટસ્થીકરણ કહે છે ?

(A) f (B) g (C) h (D)e


(123) આપેલ આકૃતિમાં a, c અને d શું દર્શાવે છે ?

(A) a - પૃષ્ઠ રુધિરવાહિની c - પાર્શ્વીય અન્નનાલીય હૃદયો d - અન્નમાર્ગ

(B) a - અન્નમાર્ગ c - હૃદયો d - રુધિરવાહિની

(C) a - ચેતાવાહિની c - અન્નમાર્ગ d - પૃષ્ઠ રુધિરવાહિની

(D) a - પાર્શ્વીય હૃદયો c - અન્નમાર્ગ d - રુધિરવાહિની




(124) પાર્શ્વીય હૃદયો આકૃતિમાં કયા અંગ્રેજી મૂળાક્ષર વડે નિર્દેશિત કરવામાં આવેલ છે ?

(A) a (B) c (C) b (D) d

(125) આપેલ આકૃતિમાં e, f અને g શું દર્શાવે છે ?

(A) e - પૃષ્ઠ રુધિરવાહિની f - અધોચેતાવાહિની g - ઉપરી ચેતાવાહિની

(B) e - ઉપરી ચેતાવાહિની f - વક્ષ રુધિરવાહિની g - અધોચેતાવાહિની


(C) e - અધોચેતાવાહિની f - પૃષ્ઠ રુધિરવાહિની g - ઉપરી ચેતાવાહિની

(D) e - અધોચેતાવાહિની f - વક્ષ રુધિરવાહિની g - પાર્શ્વીય અન્નનાલી રુધિરવાહિની

(126) આપેલ આકૃતિમાં a નિર્દેશિત ભાગનું સ્થાન કયા ખંડમાં હોય છે ?

(A) 1-3 ખંડમાં (B) 2-5 ખંડમાં

(C) ત્રીજા ખંડમાં (D) બીજા ખંડમાં




(127) ચેતાકડીની રચનામાં આકૃતિમાં નિર્દેશિત કયા ભાગો જોડાય છે ?

(A) b, c, d (B) b, c

(C) a, c (D) a, b, c

(128) આપેલ આકૃતિમાં a, b અને c શું દર્શાવે છે ?

(A) a - ઉપરી કંઠનાલીય ચેતાકંદ b - પરિકંઠનાલીય યોજી c - અધોકંઠનાલીય ચેતાકંદ

(B) a - અધોકંઠનાલીય ચેતાકંદ b - પરિકંઠનાલીય યોજી c - ઉપરી કંઠનાલીય ચેતાકંદ

(C) a - ચેતાકડી b - ચેતાકંદ c - યોજી

(D) a - પરિકંઠનાલીય યોજી b - ચેતાકડી c - ચેતાકંદ

(129) આપેલ આકૃતિમાં d, e અને f શું દર્શાવે છે ?

(A) d - વક્ષચેતારજ્જુ e - ચેતાકડી f - યોજી

(B) d - વક્ષચેતારજ્જુ e - ખંડિયચેતાકંદ f - ખંડિયચેતાઓ

(C) d - પૃષ્ઠચેતારજ્જુ e - ખંડિયચેતા f - ચેતાકંદ સૂત્રો

(D) d - ચેતાક્ષ e - ચેતાસમૂહ f - સંવેદીસૂત્રો


(130) શુક્રકોષોનો સંગ્રહ આકૃતિમાં દર્શાવેલ કયા ભાગમાં થાય છે ?

(A) a (B) i (C) e (D) j

(131) બાજુમાં દર્શાવેલ આકૃતિમાં નર પ્રજનન અવયવોમાં કોનો સમાવેશ થાય છે ?

(A) j, k, d (B) a, b, k

(C) a, b, f (D) g, h, i




(132) બાજુમાં દર્શાવેલ આકૃતિમાં a, b, c, d શું દર્શાવે છે ?

(A) a - શુક્રપિંડ b - શુક્રાશય c - શુક્રપિંડકોથળી d - શુક્રસંગ્રહાશય

(B) a - શુક્રસંગ્રહાશય b - શુક્રપિંડ c - શુક્રાશય d - શુક્રપિંડકોથળી

(C) a - શુક્રાશય b - શુક્રસંગ્રહાશય c - શુક્રપિંડ d - શુક્રપિંડકોથળી

(D) a - શુક્રસંગ્રહાશય b - શુક્રપિંડ c - શુક્રપિંડકોથળી d - શુક્રાશય

(133) બાજુમાં દર્શાવેલ આકૃતિમાં e, f, g અને i શું દર્શાવે છે ?

(A) e - શુક્રપિંડનિવાપ f - શુક્રવાહિની g - પ્રોસ્ટેટગ્રંથિ i - જનનઅંકુર

(B) e - અંડવાહિનીનિવાપ f - શુક્રવાહિની g - જનનઅંકુર i -પ્રોસ્ટેટગ્રંથિ


(C) e - શુક્રકોથળી f - અંડવાહિની g - પ્રોસ્ટેટગ્રંથિ i - જનનઅંકુર

(D) e - શુક્રપિંડનિવાપ f - અંડવાહિની g - જનનઅંકુર i - પ્રોસ્ટેટગ્રંથિ

(134) બાજુમાં દર્શાવેલ આકૃતિમાં j અને k નું નામનિર્દેશન જણાવો.

(A) j - અંડસંગ્રહાશય k - જનનઅંકુર (C) j - અંડપિંડ k - માદા જનનછિદ્ર

(B) j - શુક્રપિંડ k - નર જનનછિદ્ર (D) j - શુક્રપિંડ k - શુક્રજનનછિદ્ર




(135) આપેલ આકૃતિમાં P, Q, R, S શું દર્શાવે છે ?

(A) P - અધિજમ્ભ Q - અધો જમ્ભ R - જમ્ભમૃશ S - જમ્ભ

(B) P - અધોજમ્ભ Q - અધિ જમ્ભ R - જમ્ભ S - જમ્ભમૃશ

(C) P - અધોજમ્ભ Q - અધિ જમ્ભ R - જમ્ભમૃશ S - જમ્ભ

(D) P - અધિજમ્ભ Q - અધો જમ્ભ R - જમ્ભ S - જમ્ભમૃશ

(136) આપેલ આકૃતિમાં T, U, V અને W શું દર્શાવે છે ?

(A) T - વક્ષજમ્ભ U - અગ્રજમ્ભમૃશો V - દ્વિતીય જમ્ભ W - પ્રથમ જમ્ભ

(B) T - વક્ષજમ્ભ U - વક્ષજમ્ભમૃશો V - પ્રથમ જમ્ભ W - દ્વિતીય જમ્ભ

(C) T - અગ્રજમ્ભ U - અગ્રજમ્ભમૃશો V - દ્વિતીય જમ્ભ W - પ્રથમ જમ્ભ

(D) T - અગ્રજમ્ભ U - વક્ષજમ્ભમૃશો V - પ્રથમ જમ્ભ W - દ્વિતીય જમ્ભ

(137) આપેલ આકૃતિમાં a, d અને e શું દર્શાવે છે ?

(A) a - કક્ષ d - અર્બુદ e - કીટજંઘ (B) a - કક્ષ d - અંતર્જઘ e - કીટગુલ્ફ

(C) a - અંતર્જઘ d - કીટજંઘ e - અર્બુદ (D) a - અર્બુદ d - કક્ષ e - કીટગુલ્ફ


(138) આપેલ આકૃતિમાં b અને c શું દર્શાવે છે ?

(A) b - અર્બુદ c - કીટજંઘ

(B) b - અંતર્જઘ c - કીટજંઘ

(C) b - અર્બુદ c - કીટગુલ્ફ

(D) b - અંતર્જઘ c - કીટગુલ્ફ




(139) અહીં આપેલ આકૃતિમાં a, b, c અને d શું દર્શાવે છે ?

(A) a - કંઠનળી b - લાળ સંગ્રહાશય c - લાળગ્રંથિ d - અન્નનળી


(B) a - કંઠનળી b - લાળગ્રંથિ c - લાળ સંગ્રહાશય d - અન્નનળી

(C) a - અન્નનળી b - લાળ સંગ્રહાશય c - લાળગ્રંથિ d - કંઠનળી

(D) a - અન્નનળી b - લાળગ્રંથિ c - લાળ સંગ્રહાશય d - કંઠનળી


(140) યોગ્ય જોડકાં જોડો:

| વિભાગ-A | | વિભાગ-B | |
|---|---|---|---|
| (a) | અંધાત્રો | (1) | k |
| (b) | માલ્પિઘીયનનલિકા | (2) | g |
| (c) | શેષાંત્ર | (3) | h |
| (d) | કોલોન | (4) | j |
| (e) | મધ્યાંત્ર | (5) | i |





(A) (a – 3), (b – 2), (c – 1), (d – 4), (e – 5)
(B) (a – 2), (b – 5), (c – 4), (d – 1), (e – 3)
(C) (a – 5), (b – 4), (c – 3), (d – 2), (e – 1)
(D) (a – 5), (b – 3), (c – 2), (d – 1), (e – 4)

(141) આપેલ આકૃતિમાં a, b અને c શું દર્શાવે છે ?




(A) a - પક્ષસમસ્નાયુ b - પશ્ચમહાધમની c - હૃદયના ખંડ
(B) a - પશ્ચમહાધમની b - હૃદયના ખંડ c - પક્ષસમસ્નાયુ
(C) a - હૃદયના ખંડ b - પશ્ચમહાધમની c - પક્ષસમસ્નાયુ
(D) a - અગ્રમહાધમની b - પક્ષસમસ્નાયુ c - હૃદયના ખંડ


(142) આપેલ આકૃતિમાં a, b, c અને d શું સૂચવે છે ?




(A) a - મગજ b - ઉરસીય ચેતાકંદ c - ઉદરીય ચેતાકંદ d - વક્ષ ચેતારજ્જુ
(B) a - ઉરસીય ચેતાકંદ b - ઉદરીય ચેતાકંદ c - મગજ d - પૃષ્ઠ ચેતારજ્જુ
(C) a - ઉરસીય ચેતાકંદ b - મગજ c - ઉદરીય ચેતાકંદ d - વક્ષ ચેતારજ્જુ
(D) a - મગજ b - ઉદરીય ચેતાકંદ c - પૃષ્ઠ ચેતારજ્જુ d - ઉરસીય ચેતાકંદ


(143) યોગ્ય જોડકાં જોડો:

| વિભાગ-A | વિભાગ-B |
|---|---|
| (i) સ્ખલન નલિકા | (1) b |
| (ii) શુક્રપિંડ | (2) d |
| (iii) કોન્ગ્લોબેટ ગ્રંથિ | (3) e |
| (iv) શુક્રવાહિની | (4) c |
| (v) જનનદંઢકો | (5) f |
| (vi) છત્રાકાર ગ્રંથિ | (6) a |




(A) (i – a), (ii – b), (iii – c), (iv – d), (v – e), (vi – f)
(B) (i – a), (ii – f), (iii – c), (iv – e), (v – d), (vi – b)
(C) (i – e), (ii – a), (iii – b), (iv – d), (v – f), (vi – c)
(D) (i – f), (ii – c), (iii – a), (iv – d), (v – b), (vi – e)

(144) આપેલ આકૃતિમાં a, b, c, d અને e શું દર્શાવે છે ?




(A) a - અધિજમ્ભ b - અધોજમ્ભ c - જમ્ભમૃશ d - જમ્ભ e - ગુંદરગ્રંથિ
(B) a - અધોજમ્ભ b - અધિજમ્ભ c - જમ્ભ d - જમ્ભમૃશ e - જનનકોથળી
(C) a - અધોજમ્ભ b - અધિજમ્ભ c - જમ્ભમૃશ d - જમ્ભ e - જનનકોથળી
(D) a - અધિજમ્ભ b - અધોજમ્ભ c - જમ્ભ d - જમ્ભમૃશ e - છત્રાકારગ્રંથિ

જવાબો : **(114-A), (115-C), (116-A), (117-B) , (118-A), (119-D), (120-C), (121-B), (122-A), (123-A), (124-B), (125-D), (126-C), (127-D), (128-A), (129-B), (130-A), (131-C), (132-D), (133-B), (134-C), (135-D), (136-B), (137-B), (138-A), (139-B), (140-B), (141-D), (142-A), (143-C), (144-C)**

- **NEET માટેના પ્રશ્નો**

(145) અળસિયા માટે સાચી જોડ કઈ છે ?

(A) મુખગુહા - 1 થી 5 ખંડ (B) જઠર - 11 થી 12 ખંડ

(C) ભિત્તિભંજ - 26 થી 95 ખંડ (D) શુક્રપિંડ - 10 થી 14 ખંડ

(146) અળસિયામાં રુધિરના.....

(A) રક્તકણમાં હિમોસાયનિન હોવાથી ભૂરું દેખાય છે.

(B) રુધિરરસમાં હિમોસાયનિન હોવાથી ભૂરું દેખાય છે.

(C) રક્તકણમાં હિમોગ્લોબિન હોવાથી લાલ દેખાય છે.

(D) રુધિરરસમાં હિમોગ્લોબિન હોવાથી લાલ દેખાય છે.

(147) અળસિયા ખોરાક શેમાંથી મેળવે છે ?

(A) જીવંત વનસ્પતિમાંથી

(B) જમીનમાં સડેલાં અને ખરેલાં પર્ણો તેમજ કાર્બનિક દ્રવ્યમાંથી

(C) જમીનમાં રહેલા કીટકોમાંથી

(D) વનસ્પતિનાં તાજા ખરી પડેલાં પર્ણોમાંથી

(148) અળસિયામાં આંતરડાની પૃષ્ઠદીવાલ પરથી આંત્રગુહામાં લટકતી ભિત્તિભંજ નામની કરચલી જેવી રચના કયા ખંડોમાં આવેલી હોય છે ?

(A) 5 થી 9 (B) 9 થી 14

(C) 26 થી 95 (D) 15થી આગળના તમામ ખંડોમાં

(149) અળસિયા માટે નીચેનામાંથી કયું વિધાન સત્ય છે ?

(A) ત્વચીય અને વિટપીય ઉત્સર્ગિકા આંત્રોત્સર્ગી છે.

(B) ત્વચીય અને કંઠનાલીય ઉત્સર્ગિકા બાહ્યોત્સર્ગી છે.

(C) કંઠનાલીય અને વિટપીય ઉત્સર્ગિકા બાહ્યોત્સર્ગી છે.

(D) કંઠનાલીય અને વિટપીય ઉત્સર્ગિકા આંત્રોત્સર્ગી છે.

(150) અળસિયામાં શુક્ર સંગ્રહાશયનું કાર્ય શું છે ?

(A) શુક્રકોષોનો પરિપક્વન માટેનું સ્થળ છે.

(B) શુક્રકોષ ઉત્પાદન માટે ઉપયોગી છે.

(C) મૈથુનક્રિયા દરમિયાન સાથી અળસિયા તરફથી મળેલા શુક્રકોષોનો સંગ્રહ કરે છે.

(D) મૈથુનક્રિયા બાદ ફલનની ક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

(151) અળસિયાનાં શ્વસનની ક્રિયા માટે સત્ય શું છે ?

(A) તેમાં અજારક શ્વસન થાય છે.

(B) હવામાંથી $O_2$ પ્રસરીને રક્તકણમાંના હિમોગ્લોબિન સાથે સંયોજાય છે.

(C) $O_2$ના વહનમાં રુધિર કોઈ મહત્ત્વનો ભાગ ભજવતું નથી.

(D) વાતાવરણમાંથી $O_2$ રુધિરમાં પ્રસરે છે અને રુધિરરસના હિમોગ્લોબિન સાથે સંયોજાય છે.

(152) અળસિયાને.........

(A) આંખ ન હોય. (B) ઘણી આંખો હોય. (C) એક આંખ હોય. (D) બે આંખો હોય.

(153) અળસિયામાં શુક્ર સંગ્રહાશયનાં છિદ્રો કયા ખંડમાં હોય છે ?

(A) 9/7, 7/8, 8/9, 9/10 (B) 5/6, 6/7, 7/8, 8/9

(C) 10/11, 11/12, 12/13, 13/14 (D) 4/5, 5/6, 6/7, 7/8

(154) નર અને માદા વંદાને કયા મુદ્દા પરથી જુદા પાડી શકાય છે ?

(A) નરમાં પુચ્છકંટિકા (B) માદામાં પુચ્છશૂળ

(C) માદામાં પુચ્છકંટિકા અને સ્પર્શક (D) (A) અને (B) બંને

(155) કયા પ્રાણીમાં પ્રકાશ સંવેદના માટે નેત્રિકા આવેલી હોય છે ?

(A) વંદો (B) દેડકો (C) મનુષ્ય (D) અળસિયું

(156) વંદામાં લાળ સંગ્રહાશયનું કાર્ય શું છે ?

(A) લાળરસનો સંગ્રહ કરે. (B) લાળરસનો સ્રાવ કરે.

(C) ઉત્સેચકનો સ્રાવ કરે. (D) ઉત્સેચકોનો સંગ્રહ કરે.

(157) વંદામાં લાળગ્રંથિ શેના તલભાગે ખૂલે છે ?

(A) અવિજમ્ભ (B) અધોજમ્ભ (C) અધોજિહ્વા (D) દ્વિતીય જમ્ભ

(158) નર અને માદા વંદામાં કેટલા ઉદરીય ખંડો હોય છે ?

(A) 10, 10 (B) 9, 10 (C) 8, 10 (D) 9, 9

(159) નીચે દર્શાવેલ કયાં પ્રાણીઓમાં રુધિર રંગવિહીન હોય છે ?

(A) જળો (B) અળસિયું (C) વંદો (D) સસલું

(160) વંદાના ચલનપાદની રચનાના વિવિધ ખંડોનો સાચો ક્રમ કયો છે ?

(P) અંતર્જંઘ (Q) અર્બુદ (R) કક્ષ (S) કીટગુલ્ફ (T) કીટજંઘ

(A) R, Q, T, P, S (B) Q, T, R, S, P (C) S, T, Q, P, R (D) P, Q, R, S, T

(161) મોઝેક પ્રતિબિંબ માટે વંદાની એક આંખમાં આશરે કેટલી નેત્રિકાઓ હોય છે ?

(A) 100 (B) 2000 (C) 1000 (D) 200

જવાબો: **(145-(C), (146-D), (147-B), (148-C), (149-D), (150-C), (151-D), (152-A), (153-B), (154-A), (155-A), (156-A), (157-C), (158-A), (159-C), (160-A), (161-B)**

•